


## ડીસામાં વરસાદી ઝાપટું પડતા હાશકારો

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસા ખાતે અસહ્ય બફારા અને ઉકળાટ વચ્ચે સાંજના સુમારે વરસાદી ઝાપટું પડ્યું હતું તેથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ઉઠતા આમ પ્રજાએ હાશકારો અનુભવ્યો હતો. સરહદી જિલ્લામાં ગત અઠવાડિયે વાયુના પગલે ધોધમાર વરસાદ પડવાની આગાહી કરવામાં આવી હતી પરંતુ વાયુનો ફિયાસ્કો થયો હતો બીજી બાજુ ઉલટાનું વાતાવરણમાં બફારો અને ઉકળાટ વધી પડ્યો હતો તેથી આમ પ્રજાની હાલત કફોડી થઈ ગઈ હતી જો કે વરસાદ ન થતા ખેડૂતો ઉનાળુ બાજરી લેવામાં પરોવાઈ ગયા હતા ત્યારે ગઈકાલે શનિવારે સવારથી જ ગરમીનો પ્રકોપ વધી પડ્યો હતો તેથી આમ પ્રજા પરસેવે રેબઝેબ થઈ ઉઠી હતી જેને વડીલોએ વરસાદની ગરમી જણાવી વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી હતી. ત્યારે સાંજના સુમારે અચાનક ફરી એકવાર હવામાન પલટાતા ડીસામાં તેજ પવન સાથે આકાશમાં ગોરમભાયેલાં વાદળા વરસી પડ્યા હતા તેથી સર્વત્ર પાણી પાણી થઈ ગયું હતું અચાનક વરસાદી ઝાપટાથી બજારમાં દોડધામ મચી ગઈ હતી ગાજવીજ સાથે ભારે વરસાદી ઝાપટું ખાબકતા વાતાવરણમાં ઠન્ડક પ્રસરી ઉઠી હતી તેથી બફારો અને ઉકળાટથી ત્રસ્ત આમ પ્રજાએ હાશકારો અનુભવ્યો હતો જ્યારે ખેતરોમાં વરસાદી ઝાપટાને પગલે ખેડૂતોની હાલત કફોડી બનવા પામી હતી લણેલી અને ખેતરોમાં વાઢેલી બાજરીના પાકને નુકસાનના પણ અહેવાલો મળે છે. જો કે હવામાન વિભાગની આગાહીઓ વચ્ચે પણ વરસાદ થયો ન હતો પરંતુ હવે વરસાદ થતાં ચોમાસુ સીઝનના વિધિવત મંડાણ થાય તેવી શકયતા નકારી શકાતી નથી હાલમાં તો તમામે દેર આયે પર દુરસ્ત આયે ઉક્તિ મુજબ વરસાદને વધાવી લીધો હતો અને મેઘરાજા ધોધમાર વરસી ગયા વર્ષની પણ કસર પુરી કરે તેવી પ્રાર્થના કરી હતી.

### હિંમતનગર પાલિકાનો અંધેર વહીવટ

# શહેરમાં સીટી બસના સ્ટેન્ડ નથી

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગર નગરપાલિકાનો વહીવટ દિન પ્રતિદિન કથળી રહ્યો હોય તેમ શહેરીજનો માની રહ્યા છે. પાલિકાના સીટી બસ વિભાગ દ્વારા સીટી બસોનું સંચાલન કરાય છે. પરંતુ અંધેર વહીવટને કારણે જે રૂટ પર સીટી બસો દોડાવાય છે ત્યાં લગભગ મોટા ભાગના સ્થળે સીટી બસના સ્ટેન્ડ ન હોવાને કારણે મુસાફરોને ખુલ્લામાં ઉભા રહેવુ પડે છે તથા ટાઈમટેબલ ન હોવાને કારણે અજાણ્યા મુસાફરોને બસના ટાઈમની કોઈ ખબર રહેતી નથી. જેના લીધે ખાનગી વાહનચાલકોને બખ્ખા થઈ જાય છે.

પાલીકાના સીટીબસ વિભાગ દ્વારા હિંમતનગરથી સાબરડેરી, મહેતાપુરા, મોતીપુરા, નવી સીવીલ, કાંકણોલ તથા સહકારી જીન સહીતના વિસ્તારોમાં આખો દિવસ સીટી બસ ચલાવાય છે. પરંતુ આ સીટી બસો નગરપાલિકાએ નક્કી કરેલ શહેરના મોટા ભાગના બસ સ્ટોપ પર મુસાફરોને ઉભા રહેવા માટે સ્ટેન્ડ બનાવ્યા નથી. જોકે ત્રણ કે ચાર સ્થળે શરૂઆતમાં બસ સ્ટેન્ડ બનાવ્યા હતા.

પરંતુ છેલ્લા ઘણા વખતથી સીટી બસ દ્વારા રૂટ લંબાવાયા છે. તેમ છતાં અનેક ઠેકાણે અજાણ્યા લોકોને જો સીટી બસમાં મુસાફરી કરવી હોય તો બીજાને પુછવુ પડે છે કે સીટી બસ ક્યા ઉભી રહે છે. ઓછામાં પુરૂ કોઈપણ જગ્યાએ સીટી બસનું ટાઈમટેબલ લગાવાયુ નથી તેમ છતાં હિંતમનગર પાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓને મુસાફરોની કઈ પડી નથી. તેવુ શહેરીજનો માની રહ્યા છે. નગરપાલિકાના દિનપ્રતિદિન કથળતા જતા વહીવટને લીધે ખાસ કરીને ટાવર પાસે સીટી બસનું જે સ્ટેન્ડ મુકરર કરાયુ છે ત્યાં ફળફળાદી વેચતા કેટલાક વેપારીઓ પાલિકા અને પોલીસ સાથે સાંઠગાંઠ કરીને ફૂટપાથ પર ધંધો કરી રહ્યા છે. અહીંથી પાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓ રોજબરોજ પસાર થાય છે તેમ છતા મુસાફરોને પડતી હાલાકી તેમને દેખાતી નથી.

શહેરના અન્ય સ્થળે સીટીબસના સ્ટેન્ડ અને તેની અવરજવરનો ટાઈમ ખબર ન હોવાને કારણે ઘણી વખત મુસાફરોને ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડે છે. દરમ્યાન પાલિકાના પદાધિકારીઓ એવા દાવા કરે છે કે સીટી બસને પાલિકા માટે ખોટનો ધંધો છે. તેમ છતાં પ્રજાની સુલભતા ખાતર સીટી બસ ચલાવીએ છીએ. અહી પ્રશ્ન એ થાય છે કે જો સીટી બસ ખોટમાં ચાલતી હોય તો તેના માટે સરકારમાં રજુઆત કરીને ગમે તે યોજના હેઠળ નાણાંકીય સહાય માંગીને સીટી બસના તંત્રને દુરસ્ત કરવાની તાતી જરૂરીયાત છે.

હિંમતનગર પાલિકાનો દિનપ્રતિદિન વહીવટ કથળી રહ્યો હોવાની બૂમ ખુદ પાલિકાના કેટલાક પદાધિકારીઓ સહીત નગરજનો કરી રહ્યા છે. ખાસ કરીને મતદારો હવે પાલિકાના વહીવટથી નારાજ હોય તેવી છાપ હિંમતનગર વાસીઓમાં ઉપસી રહી છે. ત્યારે પાલિકાના સત્તાવાળાઓએ પ્રજાહિતને ધ્યાનમાં રાખી સ્વચ્છ અને તંદુરસ્ત વહીવટ માટે જાગૃત થવાની જરૂર છે. નહી તો પછી શહેરના મતદારોમાં અત્યારે જે વર્ષોથી સત્તામાં પુનરાવર્તનની છાપ છે તેના બદલે કદાચ પરીવર્તન આવે તે પહેલા વિચારવાનો સમય પાકી ગયો છે.



### ધનસુરા તાલુકામાં વરસાદ બાદ ખેડૂતો ખરીફ પાકની વાવણીમાં જોડાયા

અરવલ્લી જિલ્લામા વરસાદ બાદ ખેડૂતો દ્વારા વાવણી શરુ કરી દેવાઈ છે. ત્યારે જિલ્લાના ધનસુરા તાલુકાના ખેડૂતો ખરીફ પાકની વાવણીમાં જોડાયા છે. છેલ્લા કેટલાક સમયથી ગરમીના કારણે સુમસામ દેખાતા ખેતરના સીમાડાઓ વરસાદ બાદ ખેડૂતોથી ધમધમી ઉઠ્યા છે. ધનસુરા તાલુકામા ખેડૂતોએ મગફળી, કપાસ શાકભાજી અને ઘાસચારાનું વાવેતર શરુ કર્યું છે. વાવણી લાયક વરસાદ થતા ખેડૂતો એ વાવણી શરુ કરી છે. વરસાદના આગમનથી ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ છે. આગામી સમયમા આ વાવેતર વધશે. ખેડૂતો આ વર્ષે ચોમાસું સારું જાય તેવી આશા રાખી રહ્યા છે.

## મોડાસાના ડુઘરવાડા નજીક જેટકોના સબ સ્ટેશનમાં શોર્ટ સર્કિટથી આગ લાગતા બે કર્મીઓ દાઝ્યા

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ડુઘરવાડા ગામ નજીક આવેલા જેટકોના સબ સ્ટેશનમાં બપોરના સુમારે કોઈક ટેકનીકલ ખામી સર્જાતા શોર્ટ સર્કિટ પછી બ્લાસ્ટ થતા સબ સ્ટેશનમાં આઉટ સૉસિંગમાં કામ કરતા બે કર્મચારીઓ ગંભીર રીતે દાઝતા બંને કર્મચારીઓને સારવાર અર્થે મોડાસાની યુનિટી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.




મોડાસાના ડુઘરવાડા - સાગવા ગામ પાસે કાર્યરત જેટકો કંપનીના ૬૬ કેવી સબસ્ટેશનમાં અચાનક આગ લાગતા બે કર્મચારીઓ ગંભીર રીતે દાઝી જતા ભારે અફડાતફડી મચી હતી ડુઘરવાડાના સબ સ્ટેશનના ઈનકમરમાં મેઈન્ટેનન્સ ટનું કામ ચાલી રહ્યું હતું ત્યારે ઓવરલોડિંગ થતાં એકાએક આગ ભભુકી હતી અને કામ કરી રહેલા બન્ને કર્મચારીઓ આગની ચપેટમાં આવી ગયા હતા,

જેના કારણે બન્ને કર્મચારીઓ દાઝી જતાં પ્રાથમિક સારવાર માટે તાત્કાલીક મોડાસાની યુનિટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ દરમિયાન વીજ પુરવઠો ખોરવાયો હતો, જોકે થોડીક ક્ષણોમાં વીજ પુરવઠો પુનઃ શરૂ કરવામાં આવ્યો હતો.

## પાલનપુરના સ્કૂલ વાનચાલકોએ આરટીઓ દ્વારા થતી હેરાનગતી વિરુદ્ધ બેઠક યોજી

પાલનપુરના સ્કૂલ વાન ચાલકોએ આરટીઓ દ્વારા થતી હેરાનગતી વિરુદ્ધ બાંયો ચઢાવી છે. જેમણે ચાલકોને પડતી મુશ્કેલીઓના નિવારણ માટે રવિવારે પાલનપુર ખાતે એક બેઠક યોજી હતી. જેમાં પરમીટ માટે થતું દબાણ, મેક્ષી અને ટેક્ષી પરમીટમાં પોલીસ - આરટીઓ દ્વારા રાહત થાય, ગાડીના કાયદેસર રજિસ્ટ્રેશન માટે એક વર્ષની મુદત, ખીચોખીચ બાળકો ભરીને દોડતી સ્કૂલની બસો, મુસાફરો ભરીને દોડતાં ખાનગી વાહનો સામે કાર્યવાહી સહિતના પ્રશ્ને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. અને આ તમામ મુદ્દાઓની તંત્ર સમક્ષ રજૂઆત કરવા પાંચ સ્કૂલવાન ચાલકોની કમિટી બનાવવાનો નિર્ણય લેવાયો હતો.

## સિદ્ધપુર એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતા પાંચ કર્મીઓ વયનિવૃત્ત થતાં વિદાય સન્માન સમારોહ યોજાયો

વડગામ, તા.૨૩

ગુજરાત રાજ્ય નિગમ પાલનપુર ડીવીજન ના સિધ્ધપુર એસ.ટી.ડેપો ખાતે ફરજ બજાવતા



પાંચ કર્મચારીઓ વય નિવૃત થતાં તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. સિધ્ધપુર એસ.ટી.ડેપો માં ફરજ બજાવતા બાબુલાલ ડી શ્રીમાળી (કંડકટર) માધુભાઈ ચૌધરી (કંડકટર)ઈશ્વરજી ઠાકોર (ડ્રાઈવર) આર.સી.પરમાર (વર્ક શોપ) સહીત વય નિવૃત થતાં તેમનો વિદાય સન્માન સમારોહ લાગણી સભર યોજાયો હતો.

આ કાર્યક્રમ ના અધ્યક્ષ સ્ત્રી સક્તીકરણનુ રૂપ એવા સિધ્ધપુર ડેપો ના એ.ડબ્લ્યૂ.એસ શ્રીમતી ધર્મિષ્ઠાબેન કાપડિયાને સન્માન આપ્યુ હતુ. તેમણે ફૂલ હાર અને શાલથી બાબુલાલ શ્રીમાળી તથા તમામ સદસ્યોંનુ સન્માન કર્યુ હતુ. મજૂર મહાજન યૂનિટીના મંત્રી દિનેશભાઈ પરમાર અને પ્રવિણ ભાઈ પરમાર શાલ અને ફૂલહાર થી તેમનુ સન્માન કર્યુ હતુ.

કર્મચારી મંડળના ઉપપ્રમુખ રિયાઝ.કે.કુરેશી અને ઈકબાલ ભાઈ સાઈ બાબુલાલનુ ફૂલ હારથી સન્માન કરી કોમી એકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સિધ્ધપુર ડેપો ના સ્ટેન્ડ ઈન ચાર્જ એવા શ્રી દીલીપ પંડયા તમામ ને આગામી નિવૃત જીવન માટે શુભ સંદેશો આપ્યો હતો . બાબુલાલ શ્રીમાળી ફરજ દરમિયાન મેળવેલી લાગણી રૂપે સ્ટાફ બંધુઓ તેમના વિવિધ ભેટ સોગાદો આપી તેમનું સન્માન કર્યુ હતુ. તમામ સ્ટાફ બંધુઓ બાબુલાલ શ્રીમાળી એ તમામ નો સાચા હદય થી આભાર માન્યો હતો.આ સમગ્ર કાર્યકમ સફળ સંચાલન મુકુલભાઈ કટારીયા (પાંચડા) વાળાઓ એ કર્યુ હતુ.

## બાયડ અને ધનસુરા ગાયત્રી પરિવાર દ્વારા વરુણદેવને રીઝવવા માટે યજ્ઞ

ધનસુરા, તા. ૨૩

અરવલ્લી જિલ્લા ના ધનસુરા માં બાયડ અને ધનસુરા ગાયત્રી પરિવાર દ્વારા વરુણ દેવ ને



રીજવવા માટે સાત કુંડી વરુણ યજ્ઞ યોજાયો હતો.

અરવલ્લી જિલ્લા ના બાયડ અને ધનસુરા ગાયત્રી પરિવાર દ્વારા લોક કલ્યાણ માટે આ યજ્ઞ યોજાયો હતો.ગાયત્રી પરિવાર દ્વારા છેલ્લા પંદર જેટલા વર્ષ થી લોક કલ્યાણ માટે દર વર્ષે વરુણ દેવ ને રીજવવા માટે આ યજ્ઞ કરવામાં આવે છે.આ યજ્ઞ મા ૨૧ થી વધુ જોડા જોડાયા હતા.ગાયત્રી પરિવાર દ્વારા લોક કલ્યાણ અર્થે વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે

આ યજ્ઞ બાદ પ્રસાદ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞ માં લોકો મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમને ગાયત્રી પરિવાર ના મુકેશભાઈ શાહ, દિલીપભાઈ પટેલ, અરવિંદભાઈ પોકાર, પ્રવીણભાઈ, જ્યોતિબેન પટેલ, જીતુભાઈ એ સફળ બનાવ્યો હતો જેમાં મનુભાઈ લિંબચીયા સહિત લોકોએ સહકાર આપ્યો હતો.

## માલપુર વડલા ફળીમાં ઈન્દ્રદેવને પ્રસન્ન કરવા યજ્ઞ યોજાયો

મોડાસા, તા.૨૩

દર વર્ષે ચોમાસા ની શરૂઆત પહેલા અનાદિ કાળ થી ભગવાન વરુણ દેવ ને રીઝવવા માટે ગ્રામ્ય ક્ષેત્રે ફળીએ ફળીએ હવન કરવામાં આવેછે તેના ભાગ રૂપે આજે માલપુર નગર ના વડલા ફળી માં ભગવાન ઈન્દ્રદેવ ને પ્રસન્ન કરવા સમગ્ર પંથક માં અનરાધાર વરસાદ વરસે અને આ સૃષ્ટિ પરના તમામ જીવો ની ઉન્નતિ થાય ધરતી પુત્રો ને ખેતી માં સારી ઉપજ મળે અને આસપાસ ની તમામ નદી નાડા બોર કુવા છલોછલ ભરાય એવો વરસાદ પડે તે માટે વૈદિક બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સહિત યજ્ઞ કરવામાં આવ્યો યજ્ઞ માં મુખ્ય યજમાન તરીકે માલપુર ના નવ પરણીત યુવાન નમન કુમાર શૈલેષ ભાઈ પંડ્યા એ પૂજા વિધિ કરી હતી અને ભગવાન વરુણ દેવ ને સારી વૃષ્ટિ થાય તે માટે પ્રાર્થના કરી હતી સમગ્ર યજ્ઞ કાર્યક્રમ ને સફળ બનાવવા વડલા ફળી ના પ્રમુખ ઘનશ્યામ મહેતા અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી અને અને રંગે ચંગે કાર્યક્રમ સફળ થયો હતો.

## બારપાદર રોહિત સમાજ દ્વારા વિધવા મહિલાઓના બાળકોને ચોપડા વિતરણ કરાયહ

વડગામ, તા.૨૩

વડગામ તાલુકાના મોકેશ્વરમાં આવેલી બારપાદર



રોહિત સમાજની વાડી ખાતે રોહીત સમાજની વિધવા બહેનોના બાળકોને મફતમાં ચોપડા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો મોકેશ્વરમાં આવેલ બાર પાદર રોહીત સમાજની વાડીમાં વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીના અધ્યક્ષ સ્થાને દાતાઓના સહયોગ થકી બારપાદર રોહીત સમાજની વિધવા બહેનોના બાળકોને મફતમાં ચોપડા વિતરણ કરવામાં આવ્યા હતાં આ પ્રસંગે પાલનપુર તાલુકા પંચાયતના નાયબ મદદનીશ ટીડીઓ એ.જી.પરમાર, બ.કા.જિલ્લા પંચાયતના સદસ્ય અશ્વિન સકસેના, બ.કા.તલાટી મંડળના પૂર્વ પ્રમુખ કિરણ વડગામા, કાલેડા જિલ્લા પંચાયત બેઠકના સદસ્ય જસુમતિ બેન પરમાર,વડગામ તાલુકા પંચાયતના સામાજિક ન્યાય સમિતિ ના પૂર્વ ચેરમેન રૂપાભાઈ પરમાર સહિત મોટી સંખ્યામાં સમાજના યુવાનો વડીલો અને અગ્રણીઓ ઉપસ્થિત રહીને સમાજ ની વિધવા મહિલાઓના બાળકોને મફત ચોપડા વિતરણ કરવામાં આવ્યા હતાં.

# પાલનપુરમાંથી ઘરફોડ ચોરીઓ કરતી ટોળકી ઝડપાઈ

પાલનપુર

બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં ઉપરા છાપરી ચોરીની ઘટનાઓ બની રહી છે. ત્યારે પાલનપુર પશ્ચિમ પોલીસને ઘરફોડ ચોરી કરતી ટોળકીને ઝડપવામાં સફળતા મળી છે. જિલ્લા પોલીસવડાની સૂચનાથી પશ્ચિમ પોલીસની ટીમ શનિવારે રાત્રે પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન પાલનપુર - અમદાવાદ હાઈવે ઉપર ગઠામણના પાટિયા પાસે ઈકો ગાડી નંબર જી.જે.૦૧. એફ.ટી.૦૪૬૭ની તલાસી લેતાં અંદરથી બે તાળા, ડિસમિસ, લોખંડનો સળિયો, ઘડિયાળ, ચપ્પુ, ટોચો તેમજ રૂપિયા ૩૧૦૦ના ચાંદીના દાગીના મળી આવ્યા હતા.

આથી વાનમાં આવેલા મોહંમદ યુનુસ ઉમરભાઈ પીપરાણી (રહે. જુના ડીસા), રાજવીરસિંગ ધનસિંગ સુથાર (રહે. ઢડોર, હરિયાણા), મોહનલાલ ઓમવીર રાજપૂત (રહે. મુનક, હરિયાણા) પૂછતાછ કરતા તેઓ ચોરી કરવાના ઈરાદે ફરતા હોવાનું અને ચોથા માળે ધોળા દિવસે ચોરી કરી હોવાની તેમજ




કબૂલતાં પોલીસે ત્રણેયની અટકાયત કરી હતી. પાલનપુર પોલીસે ઝડપાયેલા તસ્કરોની આકરી પૂછતાછ કરતાં તેમણે આઠ થી દસ દિવસ પહેલા મહેસાણામાં સબ જેલની સામેના એપાર્ટમેન્ટમાં બીજા કલોલમાં સીંદબાજ હોટલની બાજુમાં આવેલા ગેરેજની પાછળના એપાર્ટમેન્ટમાં ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. તેમની પૂછતાછમાં અન્ય સ્થળોએ થયેલી ચોરીઓનો પણ ભેદ ઉકેલાય તેવી શક્યતાઓ છે.